ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી




ફાલ્ગુની દિપેશકુમાર સોલંકી
મો. ૯૭૨૨૧ ૪૬૧૬૨



દિશા જનસારી
લાયોનેસ ક્લબ



ભરત દેસાઈ
લાયઝન ઓફિસર
મહાત્મા મંદિર, ગાંધીનગર
મો. ૯૯૦૯૭ ૭૮૫૫૮



આર જે ગાંધી



ખ્યાતિ એમ રાવલ



અશ્વિન શાહ

# સરસ્વતી વિદ્યાલયમાં રક્ષાબંધન ઉજવાઈ



સ્વામી વિવેકાનંદ ઍજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ બી ખાતે રક્ષાબંધનનો કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. બાલમંદિરથી માંડી ધોરણ-૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે શાળાનાં આચાર્ય અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને રક્ષાબંધન પર્વનો મહિમા સમજાવ્યો હતો.

# અશ્વિનભાઈ પટેલ કોમર્સ કૉલેજ દ્વારા અસરગ્રસ્તોને સહાય



ગાંધીનગર, તા. ૯

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પૂર અસરગ્રસ્ત લોકો માટે માટે જૂદી-જૂદી ચીજ-વસ્તુઓ એકઠી કરવામાં આવી હતી. તેમાં સમગ્ર કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા ચોખા, ઘઉં, બાજરી, તેલ, મરી-મસાલા, બિસ્કીટ, કપડાં જેવી ચીજ-વસ્તુઓ એકઠી કરવામાં આવી હતી. ૩૦૦ કિગ્રા ચોખા, ૩૦૦ કિગ્રા ઘઉં, ૧૫૦૦ નંગ કપડાં, ૧૨૦૦ નંગથી વધુ મરી-મસાલાનાં પૅકેટ્સ, તેલ, ચપ્પલ જેવી ચીજ-વસ્તુઓ એકત્ર કરીને ૩૦૦ કિટ તૈયાર કરવામાં આવી હતી, જે બનાસકાંઠા અને પાટણ જિલ્લાનાં ગામોમાં પૂર અસરગ્રસ્ત વ્યક્તિઓને વહેંચવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી અને સ્વયંસેવક જૈમિન પટેલ, કુલદીપ રથવી, નિલાંજના રાય, પિંકલ પટેલ, વિરલ ચાવડા, હાર્દિક ગજેરા, નિખિલ ડોબરીયા, જયદીપ દેસાઈ, યુવરાજ પાવરા, નિલેષ સિંધવ, જય પટેલ, હાર્દિક રથવી, મિત કોયાણીએ જહેમત ઊઠાવી હતી. પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા દ્વારા વિદ્યાર્થીઓને સમાજજનો પ્રતિ સંવેદના વ્યક્ત કરવા બદલ અભિનંદન પાઠવી બિરદાવવામાં આવ્યા હતા.

# નિવાસી અધિક કલેકટરના અધ્યક્ષ સ્થાને કડીથી કલા મહાકુંભનો પ્રારંભ




ગાંધીનગર, તા. ૯

એચ. પટેલ ઈન્ડોર સ્પોર્ટસ કોમ્પલેક્ષ એન્ડ મલ્ટીપરપઝ હોલ કડી સર્વ વિદ્યાલય કેમ્પસ કડી ખાતે નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાનાના અધ્યક્ષ સ્થાને કલા મહાકુંભને પ્રારંભ કરવામાં આવ્યો હતો. નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાએ જણાવ્યું હતું કે સાંસ્કૃતિક વારસાનું જતન થાય તે ઉદેશને પરિપુર્ણ કરવા છેવાડાના ગામડાઓથી માંડીને શહેરોમાં કલાનું કલાત્મક વાતાવરણનું નિર્માણ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા કલામહાકુભ યોજાઈ રહ્યો છે. જિલ્લામાં કલાકારોની પ્રતિભાને ઉજાગર કરવાની તક મળે તેવા ઉમદા હેતુથી રાજ્ય સરકાર દ્વારા કલા મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કલા મહાકુંભનો શાસ્ત્રીય કંઠય સંગીત, રાસ, કથક, પખવાજ, સિતાર, ગિટાર, મૃદંગમ, વાયોલીન, સ્કુલ બેનડ, સુગમ સંગીત, ગીત, સમુહ ગીત, ગરબા, ભારત નાટયમ, લોક નૃત્ય, સમુહ નૃત્ય, તબલાં, હાર્મોનીયમ, વાસળી, ઓર્ગન અને એકપાત્રીય અભીનય જેવા કલાકારો આ કલા મહાકુંભમાં ભાગ લઈ રહ્યા છે.

કલા મહાકુંભમાં પોતાની અંદર રહેલી કલા બહાર લાવી રહ્યા છે. ત્યારે શહેરના અનેક કલાકારોએ કલા મહાકુંભના પ્રારંભમાં જ કલાકારોએ પોતાની કલા પ્રદર્શિત કરી હતી. જેમાં શહેર અને તાલુકાભરમાંથી આવેલા કલાકારોએ પોતાની કલા પ્રર્દશિત કરી હતી.

મહેસાણા જિલ્લા કક્ષાના કલા મહાકુંભમાં,કડી સર્વ વિધાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી જી. ડી. પટેલ, પ્રાથમિક શિક્ષણાધિકારી એસ. ડી. પટેલ જિલ્લા રમત ગમત અધિકારી એન. ડી. ચૌધરી સહિત નવોદિત કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

# જે ઍમ ચૌધરી વિદ્યાલય ખાતે ‘કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ’

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, રોજગાર વિનિમય કચેરી અને શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ના સંયુક્ત ઉપક્રમે વિદ્યાલય ખાતે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કૃપાબેન, નિમૈલભાઈ, સતિષભાઈએ કારકિર્દી અંગે વિગતવાર માહિતી વિદ્યાર્થીનીઓને આપી હતી. ધોરણ-૧૨ અને ૧૦ના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. શાળા પરિવાર વતી આચાર્ય સંતોકબેન ચૌધરીએ વકતાઓ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

# અધ્યાપક સુજલ પાઠકને પીઍચડીની ડિગ્રી ઍનાયત

ગાંધીનગર, તા. ૯

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજમાં ફરજ બજાવતા અધ્યાપક સુજલ પાઠકને કડી સર્વ વિશ્વવિદ્યાલય તરફથી પીઍચડીની પદવી ઍનાયત કરવામાં આવી છે. અધ્યાપક સુજલ પાઠકે તેમના મહાશોધ નિબંધ ‘Diasporic Sensibility in the Poetry of Sujata Bhatt’ વિષયે મહાશોધ નિબંધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડાના પ્રૉફેસર ડૉ. હિતેષ રવિયાના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો, જેને માન્ય રાખીને વિશ્વવિદ્યાલય દ્વારા તેમની પીઍચડીની પદવી ઍનાયત કરવામાં આવી છે.



સુજલ પાઠક ડો. હિતેષ રવિયા

ઉલ્લેખનીય છે કે ડૉ. હિતેષ રવિયા ૧૯૯૬થી વિવિધ કૉલેજો સાથે લૅક્ચરર, પ્રૉફેસર તરીકે સેવારત છે. આ ઉપરાંત તેઓ એશિયા પેસિફિક સૅન્ટર ઑફ ઍજ્યુકેશન ફૉર ઈન્ટરનેશનલ અન્ડરસ્ટેન્ડિંગ, યુનેસ્કો, બ્રિટીશ કાઉન્સિલ ઈન્ડિયા, ઍનસીઈઆરટી, ભોપાલ, ઈંગ્લિશ ઍન્ડ ફૉરેન લેંગ્વિજ યુનિવર્સિટી, હૈદરાબાદ અને લખનઉ જેવી પચીસથી પણ વધુ પ્રતિષ્ઠિત સંસ્થાઓને પણ પોતાની નિષ્ણાત સેવાઓ આપી રહ્યા છે. વિવિધ જર્નલ્સમાં તેમના ૧૭ જેટલાં પેપર્સ પ્રકાશિત થઈ ચૂક્યાં છે અને ૯ જેટલા આર્ટીકલ્સ, ચૅપ્ટર્સ પુસ્તકોમાં પ્રકાશિત થયાં છે. તેમણે ૧૨ જેટલાં પુસ્તકો માટે લેખક, સંપાદકની ભૂમિકા પણ અદા કરી છે. તેમના માર્ગદર્શન તળે ૧૭ વિદ્યાર્થીઓએ ઍમફિલની અને ૩ વિદ્યાર્થીઓએ પીઍચડીની ડિગ્રી પ્રાપ્ત કરી છે.

જે કવયિત્રીનાં કાવ્યો વિષયે સુજલ પાઠકે આ મહાશોધ નિબંધ તૈયાર કર્યો છે એ કવયિત્રી સુજાતા ભટ્ટનો જન્મ અમદાવાદમાં થયો હતો અને ત્યારબાદ તેઓ પોતાના પરિવાર સાથે અમેરિકા સ્થિત થયાં હતાં. તેમનાં પ્રથમ કાવ્ય સંગ્રહ ‘બ્રુનીઝેમ’ને કૉમનવેલ્થ પોએટ્રી પ્રાઈઝ અને ધી ઍલિસ હન્ટ બાર્ટલેટ ઍવોર્ડ પ્રાપ્ત થયો હતો. ૧૯૯૧માં તેમને ચૉલમોન્ડેલિ ઍવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો.

એમનાં કાવ્યોમાં પ્રેમ અને હિંસા પણ જોવામાં આવી છે. ખાસ કરીને રંગભેદ આધારિત હિંસાને તેમણે બખૂબી ઉજાગર કરી છે. એમણે એક ઈન્ટર્વ્યૂમાં કહ્યું હતું, ‘ભારત બહાર રહેતા ભારતીય તરીકે મેં હંમેશાં મારી જાતને જોઈ છે.’

# પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજ ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાયો



## વિદ્યાર્થીનીઓને સમાન વેતન, સ્ત્રી ભૃણ હત્યા, જાતીગત સમાનતા, જાતિય સતામણી, મૅટરનિટી બૅનીફિટ, સતિપ્રથા અને બાળલગ્ન પ્રતિબંધક ધારા વિષયે વિગતે સમજ આપવામાં આવી

ગાંધીનગર, તા. ૯

શ્રી પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજ અને કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

પૅરાલિગલ ઍડવાઈઝર સુધીર દેસાઈ, સીતારામ પટેલ, રાજુભાઈ પટેલ, કે કે પટેલ, વિમળાબેન અયાચી અને જ્ઞાનદેવીબેન આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. જેમણે વિદ્યાર્થીનીઓને સમાન વેતન, સ્ત્રી ભૃણ હત્યા, જાતીગત સમાનતા, જાતિય સતામણી, મૅટરનિટી બૅનીફિટ, સતિપ્રથા અને બાળલગ્ન પ્રતિબંધક ધારો, હિન્દુ લગ્ન જીવન ધારો, ઘરેલુ હિંસા અને મહિલા આરોપીઓના અધિકારોના કાયદા વિશે વિગતે સમજ આપી હતી.

કાર્યક્રમનું આયોજન પ્રિન્સિપાલ ડૉ. ઊર્મિલા ચૌધરીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંકલન અને સંચાલન સીડબ્લુડીસી કન્વીનર ડૉ. લીના સ્વાદિયાએ હીના ચૌધરી અને બેનઝીરબાનુ દિવાનની સહાયતાથી કર્યું હતું. આભાર દર્શન ડૉ. સોનલ મોદીએ કર્યું હતું.

# સંબંધોનું ઍન્કેશમેન્ટ કરવાની ભાવના રાખશો નહીં

કેટલાંક લોકોની મનોવૃત્તિ એવી હોય છે જેઓ સંબંધોનું એન્કેશમેન્ટ કરવાની મનોવૃત્તિ ધરાવતા હોય છે, સંબંધોનો ગેરલાભ લેવાની વૃત્તિ ધરાવતાં હોય છે. તો કેટલાંક નિસ્વાર્થ ભાવનાવાળા લોકો સંબંધોમાં એકબીજાને પ્રસંગોપાત ઉપયોગી થવાની લાગણી ધરાવતા હોય છે. આજકાલ જન્મદિન પ્રસંગે ભેટ આપવા-લેવાનું ચલણ છે. ભેટો માગવાની ના હોય, પરંતુ સ્વીકારવાની હોય. પરંતુ કેટલાક લોકો જન્મદિન પ્રસંગે સંબંધોમાં સામેની વ્યક્તિ પાસેથી ભેટની માગણી કરે છે અથવા અન્યત્ર કેટલાક સંબંધોનું એન્કેશમેન્ટ કરવાની મનોવૃત્તિ ધરાવતા લોકો સામેની વ્યક્તિ પાસેથી અવારનવાર સંબંધોનું એન્કેશમેન્ટ કરવા વિવિધ ચીજ-વસ્તુઓની માગણી કર્યા કરે છે. સામેની વ્યક્તિ સંબંધોને જાળવી રાખવા મને-કમને માગણી પ્રમાણે વસ્તુ આપતી રહે છે. ત્યારે આવા પ્રસંગોમાં સંબંધોની મીઠાશ નાશ પામતી રહે છે અને સામેની વ્યક્તિ ધીમે-ધીમે સંબંધોમાં અંતર રાખતી થઈ જાય છે. ભેટ આપવી કે લેવી એ તો લાગણી અને ભાવનાની બાબત છે પરંતુ સંબંધોનું એન્કેશમેન્ટ કરવાથી કે સંબંધોનો ગેરલાભ ઉઠાવવાની વૃત્તિ રાખવાથી સંબંધોની મીઠાશ ઓછી થવા લાગે છે.

હું કૉલેજમાં ભણતો હતો ત્યારે અંગ્રેજીના અધ્યાપક પ્રૉ. એન જે ત્રિવેદી મને પોતાને ઘરે બોલાવી મફતમાં અંગ્રેજી ભણાવતા. હા, હું ગામડાનો વતની હતો અને અમારે ઘેર ભેંસોના દૂધમાંથી શુદ્ધ ઘી બનતું. એ ઘી હું ત્રિવેદી સાહેબને આપતો અને તેની કિંમત તેઓ મને બજારભાવ કરતાં વધુ આપતા. પરંતુ તેની સામે તેઓ ટ્યુશન ફી નહોતા લેતા. આ સંબંધોની સુવાસ આજે ૫૦ વર્ષ પછી પણ મને યાદ આવે છે. બીજા એક કિસ્સામાં એક પૈસાપાત્ર વ્યક્તિને એક મિત્ર હતો. તેઓના અંગત સંબંધો એટલા વધી ગયા કે પેલો પૈસાપાત્ર વ્યક્તિ મિત્રને મોંઘીદાટ વસ્તુઓ આપવા લાગ્યો. મિત્ર અવારનવાર કહે કે મને આવી મોંઘી વસ્તુ મફતમાં લેવી ગમતી નથી. ત્યારે પૈસાપાત્ર મિત્ર કહે, હું તમને પ્રેમથી ભેટ આપુ છુ. અહીં તે પોતાના સંબંધોનું એન્કેશમેન્ટ કરવાની વૃત્તિ ધરાવતો નથી, એટલે તેમના સંબંધો ટકી રહે છે. આવા સંબંધોની મીઠાશ આજે સમાજમાં ઓછી જોવા મળે છે. સંબંધો હવે સ્વાર્થના થઈ ગયા છે. સંબંધોમાં સ્વાર્થ ઊભો થતાં માત્ર દેખાવ પૂરતા રહે છે. મારા ઘણા મિત્રો, પૂર્વ વિદ્યાર્થીઓ આજે પણ મારી સાથે સંબંધોમાં મારી નિસ્વાર્થ સેવા કરતા રહે છે અને મુશ્કેલીમાંય સાથે ઊભા રહે છે. તેમણે કદી પણ બદલાની ભાવના રાખી નથી. અમે પરસ્પર આવા મીઠા સંબંધોની સુવાસ માણ્યા કરીએ છીએ.

- સંબંધોનું કદી એન્કેશમેન્ટ કરવાની ભાવના રાખશો નહીં.
- સંબંધોનો ગેરલાભ ઊઠાવવાની ભાવના રાખશો નહીં.
- સંબંધોમાં એકતરફી લાગણીયુક્ત વ્યવહાર થતો હોય ત્યારે સામી વ્યક્તિ પાસેથી વધુ ને વધુ લાભ લેવાની ભાવના રાખશો નહીં.
- સંબંધોને જાળવી રાખવા, સુવાસિત રાખવા એકબીજાને નિસ્વાર્થભાવે બદલાની ભાવના વગર ઉપયોગી થવાની તત્પરતા રાખો. મદદ કરી તો સામી વ્યક્તિએ મદદ કરવી જોઈએ એવી સ્વાર્થભાવના રાખશો નહીં.

- પ્રો. ઇન્દુભાઈ ભટ્ટ

## તંત્રીને પત્ર

રાજ્ય સરકારના અલગ-અલગ વિભાગોમાં ૧૧ માસના કરાર આધારે મોટા પ્રમાણમાં કર્મચારીઓ રાખવામાં આવ્યા છે પરંતુ આ કર્મચારીઓના પગાર, કામનો સમય અને નિયમો બનાવવામાં આવ્યા નથી. નિયમોના અભાવે આ કર્મચારીઓએ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. એક તરફ રેગ્યુલર કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવામાં આવ્યો છે અને અન્ય લાભો પણ એમને મળે છે, ત્યારે આ કર્મચારીઓ કરતાં પણ વધુ કામ કરતા ૧૧ માસના કરાર આધારિત કર્મચારીઓને પૂરતો પગાર મળતો નથી. સાથે-સાથે નિયમોના અભાવે અધિકારીઓ કર્મચારીઓ પાસે વધારે કામ કરાવે છે અને કેટલાક કેસમાં હેરાનગતિ કરતા હોવાનું પણ સામે આવ્યું છે.

વાસ્તવિકતામાં લોકોની સીધી સેવા કરતા હોમગાર્ડ જવાનો, ૧૦૮ના કર્મચારીઓ, આશા વર્કર બહેનો, જિલ્લા સેવા સદનના કર્મચારીઓ અને તજજ્ઞ તરીકે કામ કરતા ૧૧ માસના કરાર આધારિત કર્મચારીઓ વધુ જવાબદારીપૂર્ણ કામ કરે છે. આમ છતાં આ કર્મચારીઓને પૂરતો પગાર આપવામાં આવતો નથી. હોમ ગાર્ડ અને ટ્રાફિક જવાનોના પગાર પણ ત્રણ-ચારમહિના સુધી કરવામાં આવતા નથી.

એક તરફ નિવૃત્ત થયેલા સરકારી અધિકારી-કર્મચારીઓને પેન્શન મળતું હોવા છતાં તેમને અડધા પગારે નોકરી આપવામાં આવે છે. જ્યારે કરાર આધારિત યુવાન કર્મચારીઓ આર્થિક ભીંસનો સામનો કરી રહ્યા છે. સરકાર વહેલી તકે આ કર્મચારીઓ માટે પગાર અને કામના સમય અંગેના નિયમો બનાવે તે અનિવાર્ય બન્યું છે.

- અંકિત પટેલ

**આ વિભાગમાં પ્રગટ થતાં લખાણો સાથે અખબાર, તંત્રી સંમત છે એમ માની લેવું નહીં**

# ઍસ જી અંગ્રેજી સ્કૂલનો વિદ્યાર્થી નૅશનલ ટેક્વોન ડોમાં ઝળક્યો




આણંદ ખાતે આયોજિત નૅશનલ ટેક્વોન ડો ચૅમ્પિયનશીપ ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઍસ જી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ-૨ ઈમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી આરવ કડિયાએ સિલ્વર મૅડલ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળામાં વિજેતા વિદ્યાર્થીને મૅડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યો હતો. સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય મિલી સિંઘે આ વિજેતા વિદ્યાર્થીને બિરદાવી તેને અભિનંદન પાઠવ્યા હતા.